ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૪૭ ટકા

# શહેરમાં આજ-કાલ લીલી હળદરની બોલબાલા

ગાંધીનગર, તા.૧૯

કડકડતી શિયાળાની ઠંડીમાં અનેક પ્રકારના શાકભાજી અને ફળ શહેરના માર્કેટમાં વેચાઈ રહ્યા છે ત્યારે મનુષ્ય હૃદયના ધબકારાને નોર્મલ કરી દેતી લીલી ગુણકારી હળદર પણ શહેરના બજારોમાં દેખા દઈ રહી છે. જેનો ભાવ લગભગ ૪૦ થી ૫૦ રૂપિયે કિલો છે.

ઠંડી શરૂ થતા જ અથાણાની જેમ હળદર શહેરની ગૃહિણીઓ આથી દેતી હોય છે અને દર અઠવાડિયે ગૃહિણીઓ હળદરની ખરીદી કરતી હોય છે. પરિવારજનોને જમવા સાથે સલાડ અને હળદર શિયાળામાં શહેરની ગૃહિણીઓ ખાસ પીરસે છે. ભારતીય મસાલાની શાન મનાય છે હળદર. બે પ્રકારની હળદર શહેરના બજારમાં ઉપલબ્ધ છે લીલી અને આંબા હળદર. આંબા હળદર દેખાવમાં સફેદ રંગની અને લીલી હળદર દેખાવમાં ઘેરા કેસરિયા રંગની હોય છે. આ બંને હળદર આરોગવાથી ચામડીના રોગો, રકતવિકાર, લિવરના રોગો, કમળો, શીળસ, શરદી, ઉધરસ, કાકળા, ગળાના રોગ, અવાજ બેસી જવો કે મોંના ચાંદા જેવા રોગો દૂર કરી શકાય છે.

**કાચી હળદરમાંથી આર્યન મળે છે. આર્યન લોહીમાં હિમોગ્લોબીનની માત્રા વધારે છે જેથી રેડ બ્લડ સેલ્સ વધે છે અને શરીરના દરેક અવયવને પૂરતા પ્રમાણમાં ઓકિસજન મળી રહે છે.**





કાચી હળદરમાંથી આર્યન મળે છે. આર્યન લોહીમાં હિમોગ્લોબીનની માત્રા વધારે છે જેથી રેડ બ્લડ સેલ્સ વધે છે અને શરીરના દરેક અવયવનો પૂરતા પ્રમાણમાં ઓકિસજન મળી રહે છે. હળદરના સેવનથી એનિમિયા જેવા રોગથી બચી શકાય છે. સાથે તેમાંથી મળતુ પોટેશિયમ હૃદયના ધબકારા અને બ્લડપ્રેશરને કંટ્રોલ કરે છે. હળદરમાં રહેતું વિટામીન સી શરીરની ઈમ્યુનિટી વધારવામાં મદદરૂપ થાય છે. કાચી હળદરના સેવનથી શરીરની રોગ પ્રતિકારક શકિત વધે છે જેથી શરીરને થતા કોઈ પણ પ્રકારના ઈન્ફેકશન સામે રક્ષણ મળી શકે છે. હળદરમાં રહેલું મુખ્ય તત્વ કરકયુમિન સ્કિનના નેચરલ ગ્લોને જાળવી રાખવામાં મદદરૂપ છે. સાથે રિંકલ્સ ઘટાડી એઈજિંગની પ્રક્રિયાને ધીમી પાડે છે સાથે સૂર્યથી થતા સ્કીન ડેમેજ સહિતનું રક્ષણ પુરું પાડે છે જેમને પાચનની સમસ્યા હોય તેમને પણ લીલી હળદરનું સેવન ફાયદાકારક છે. ડાયાબિટીસના દર્દીઓ માટે હળદરનું સેવન ફાયદાકારક છે જે બ્લડશુગર લેવલ કંટ્રોલ કરવામાં મદદ કરે છે.

આ લીલી હળદરનું હળદરીયું આરોગવા માટે શહેરીજનો ક્રેઝી છે. ઘરે ઘરે શિયાળામાં યુવાનો કે મોટાઓ ભેગા થઈ હળદરિયું બનાવીને આરોગે છે.

## લાયન્સ કલબ ફેમિના દ્વારા મફત ડાયાબીટીસ નિદાન કેન્દ્રોનો શુભારંભ

ગાંધીનગર, તા.૧૯

ડાયાબીટીસના દર્દીઓની સંખ્યાની દૃષ્ટિએ ભારત દુનિયામાં બીજા ક્રમે છે. અને આ સંખ્યા કુદકે અને ભૂસકે વધી રહી છે. એમાં જાગૃતિ અને જાણકારીનો અભાવ મુખ્ય છે. સરકાર દ્વારા પણ આ દિશામાં પ્રયત્નો થઈ રહ્યા છે. ત્યારે લાયન્સ ઈન્ટરનેશનલ પણ આ ઝૂંબેશમાં સહભાગી થઈ રહ્યું છે.

લાયન્સ ક્લબ ફેમિના દ્વારા પણ ડાયાબીટીસના રોગને કાબૂ કરવાના પ્રથમ પગથિયા તરીકે નિદાન પર ભાર મૂક્યો છે. એના ભાગ રૂપે ક્લબ દ્વારા ગાંધીનગર ખાતે ત્રણ મફત ડાયાબીટીસ નિદાન કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. જેમાં કોઈપણ વ્યક્તિને ડાયાબીટીસનો મફત ટેસ્ટ કરી આપવામાં આવશે.




આ કેન્દ્રો, પગરવ હોસ્પીટલ સેક્ટર-૨૩, તેજ આઈ સેન્ટર સેક્ટર-૬, અને ડૉ.વિપુલ ઠક્કર સેકટર-૩, હાઈટેક હોસ્પીટલ પાછળ ખાતે શરૂ કરવામાં આવ્યા છે. અનુક્રમે ગુરૂવાર, શુક્રવાર અને શનિવારના દિવસે આ કેન્દ્ર પર જઈ કોઈપણ વ્યક્તિ મફત ટેસ્ટ કરાવી શકશે. જાહેર જનતાને આ સેવાનો લાભ લેવા વિનંતી છે. આ કેન્દ્રના ઉદઘાટન પ્રસંગે લાયન્સ ડિસ્ટ્રીકટના સૌદામિનીબેન, ડૉ.રેણુકાબેન, મેયરશ્રી રીટાબેન, કોર્પોરેટર નીલાબેન શુકલ, હીરલબેન જોષી, ઝોન ચેરમેન રાજ ગૌડા, ડૉ. જલધારા પટેલ, ડૉ. તેજલ દલાલ, ડૉ. વિપુલ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. કલબના સભ્યોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. પ્રમુખ મમતા રાવલે સહકાર બદલ તમામ ડૉકટર્સનો આભાર વ્યક્ત કર્યો હતો.

## કડકડતી ઠંડીમાં શહેરના વિકાસકાર્યોમાં જોતરાયેલા શ્રમિકોને વસાહત મહામંડળનું ધાબળા વિતરણ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર ઝડપથી વિકસતું શહેર છે અને આ કારણે શહેરમાં ઈન્ફ્રાસ્ટ્રકચર કે પ્રોપર્ટી ડેવલપમેન્ટને લગતા અનેક પ્રોજેકટસ વિકાસના પંથે છે જેમાં હજારોની સંખ્યામાં સ્થળાંતરિત શ્રમજીવીઓ કામ કરી રહ્યા છે. આ શ્રમજીવીઓ હંગામી ધોરણે શહેરમાં આવ્યા હોવાથી તેમની પાસે રહેવા માટેના પાકા બાંધકામ તો હોતા નથી પરંતુ તેઓ ખુલ્લી જગ્યામાં છાપરાં બાંધીને ખુલ્લામાં જ રહેતા હોય છે. ત્યારે કડકડતી ઠંડી સાથે શિયાળો ચાલી રહ્યો હોવાથી આ પરિવારોને હૂંફ મળી રહે તે હેતુથી શહેર વસાહત મહામંડળ અરૂણોદય સેવા ટ્રસ્ટ અને નગરના નાગરિકોના સહકારથી ધાબળા વિતરણ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

શહેરમાં ચાલી રહેલા વિકાસ કાર્યો જેવા કે વરસાદી પાણીના નિકાલની પાઈપલાઈન રોડ નં.૬ પર લગાડતા અને સેકટર-૨૧ ખાતેના શ્રમિકો, સેકટર-૧ અને ૨૮ના બગીચાનું કામ કરતા શ્રમિકો વગેરેને મહાનગરપાલિકાના સીટી ઈજનેર પંડયાના માર્ગદર્શન તથા એ.એ.રતાણીયાના સહયોગથી સાઈટ ઉપર ધાબળા પહોંચાડવામાં આવ્યા હતા. આ રીતે સેકટર-૭ આસપાસ ફુટપાથ પર આશ્રય લઈ શ્રમનું કામ કરતા શ્રમિકોને ધાબળા પહોચાડવાના કાર્યમાં વસાહત મહામંડળના અરૂણ બુચ, પ્રદિપ સોલંકી, શિવાભાઈ પટેલ, ભાજુભાઈ દવે સહિત મયુરભાઈ વ્યાસે સહકાર આપી ધાબળા વિતરણ કર્યું હતું જયારે સે-૨૧માં ઉલ્લાસ વોરા સહિતના સભ્યોએ ધાબળા વિતરણ કર્યું હતું. ધાબળા વિતરણ કાર્યમાં જયોતિ મહિલા મંડળના ડૉ. ચેતના બુચ, નીરૂબેન નાયક સહિત મહિલાઓ ઉપરાંત અગ્રણી મહિલા કોર્પોરેટર હર્ષાબા ધાંધલ વગેરે જોડાયા હતા.

## કહેવાતા સ્માર્ટ સીટીના વોટર કુલર સાવ બિસ્માર હાલતમાં...!!

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર એક તરફ સ્માર્ટ સીટી બનવા કમર કસી રહ્યું છે જેના માટે શહેરના નાગરિકો પણ પોતપોતાના કામો થકી મહત્વનું યોગદાન આપી રહ્યા છે. જો કે શહેરમાં વહીવટી તંત્ર જે રીતે સ્માર્ટ સીટીની ગુલબાંગો પોકારે છે અને તે માટે નીતનવા પ્રોજેકટની જાહેરાતો કરે છે તેની સામે વાસ્તવિકતા થોડી વરવી જોવા મળી રહી છે. શહેરમાં સ્માર્ટ વોટર એટીએમનો બહુ ગાજેલા પ્રોજેકટનું જે રીતે સૂરસૂરિયું થઈ ગયું તે આ વાતની ચાડી ખાય છે.સ્માર્ટ વોટર એટીએમ તો ઠીક શહેરમાં લાગેલા સાદા વોટરકુલરની પણ દુર્દશા જો નિહાળીએ તો સ્માર્ટ સીટી કેટલું બિસ્માર સીટી છે તેનો અંદાજ આપોઆપ મળી જાય છે.



આપણી સંસ્કૃતિમાં તરસ્યાને જળ પાવું તે ખૂબ જ મોટું પુણ્યનું કાર્ય ગણાય છે અને આ પુણ્ય કાર્ય માટે ગામેગામમાં સદીઓથી પરબો બંધાવવાની પ્રથા જોવા મળે છે જે આજે પણ અકબંધ છે. જેમ એકવાર પરબ બંધાવી દીધા પછી કામ પુરું થઈ જતું નથી પરંતુ પરબમાં દરરોજ સ્વચ્છતા જાળવવી, રોજ નવું સ્વચ્છ પાણી ભરવું, પાણી પીવા માટે જરૂરી સાધનોની વ્યવસ્થા કરવી જેવી અઢળક માવજત નિયમિત લેવી પડે છે, જયારે સ્માર્ટ સીટીના મીના બજારમાં વર્ષ ૨૦૧૭-૧૮માં તત્કાલીન મેયરની ગ્રાન્ટમાંથી મુકવામાં આવેલા વોટરકુલરની પરિસ્થિતિ હાલ અત્યંત બિસ્માર જોવા મળી રહી છે. આ વોટરકુલર બંધ હાલતમાં સાફસફાઈ વગરનું પડી રહ્યું છે પરંતુ તેની મરામત કરીને ચાલુ કરવામાં જાણે હવે કોઈ હોદ્દેદાર કે નેતાને રસ નથી, પછી ભલેને મીનાબજારમાં રોજના સેંકડો શ્રમજીવીઓની અને મુલાકાતીઓની આવનજાવન કેમ ના રહેતી હોય?

## આજે બપોરે શહેર વસાહત મહાસંઘની વાર્ષિક સાધારણ સભા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની નવા વર્ષની વાર્ષિક સાધારણ સભા તા. ૨૦મી ડિસેમ્બર રવિવારે સાંજે ૩.૩૦ કલાકે સેકટર-૫-એમાં પ્રેરણા વિદ્યાય ખાતે સંસ્થાના પ્રમુખ કેશરીસિંહ બિહોલાના અધ્યક્ષસ્થાને આયોજિત કરવામાં આવી છે. આ સભામાં દિનપ્રતિદિન શહેરમાં વધતી જતી વિવિધ સમસ્યાઓ તથા પડતર પ્રશ્નો અંગે ચર્ચા હાથ ધરવામાં આવશે. બેઠકમાં નૂતન વર્ષની શુભેચ્છાઓ સાથે વસાહત મહાસંઘ સાથે જોડાયેલા હોદ્દેદારો કારોબારી સભ્યો, દરેક સેકટરને સંલગ્ન વસાહત મંડળોના પ્રમુખ તેમજ મંત્રીઓ સહિત સંસ્થાના સભ્યોને હાજર રહેવા મહાસંઘના પ્રમુખ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ બેઠકમાં દરેક વ્યકિતએ કોવિડ-૧૯ને અનુલક્ષીને ફરજિયાત માસ્ક પહેરીને આવવા તથા ગાઈડલાઈન અનુસાર સોશિયલ ડિસ્ટન્સ જાળવવા તાકીદ કરવામાં આવી છે.

## શહેરમાં આશ્રય લઈ રહેલા નિરાધાર વૃધ્ધોની સેવા કરતા ગાંધીનગર વૉલિયન્ટર્સ ગૃપના યુવાનો



ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેર અનેક સેવાભાવી સંસ્થાઓ અને સ્વૈચ્છિક સેવાને વરેલા સ્વયંસવકોથી મહેકતું શહેર છે. આ શહેરમાં નીત નવા સેવા કાર્યો થતાં જોવા મળે છે. જેમાં જીવનની તડકી-છાંય માણીને બે પાંદડે થઈને બેઠેલા નિવૃત્ત વડીલો ઉપરાંત યુવાનો પણ એટલા જોમ, ઉત્સાહ અને જવાબદારીથી વિવિધ પ્રકારના સેવા કાર્યોમાં જોડાયેલા જોવા મળે છે જે આનંદની વાત છે. શહેરમાં પ્રાણી-પક્ષી બચાવના જીવદયા કાર્યથી માંડીને જરૂરિયાતમંદોને અનાજ કરિયાણું કે જરૂરી ચીજવસ્તુઓ ઉપરાંત બ્લડ ડોનેશન, વૃક્ષારોપણ જેવા અનેકવિધ કાર્યોમાં સ્વૈચ્છિક અને સ્વયંભૂ રીતે જોડાયેલા યુવાનોના 'ગાંધીનગર વૉલિયન્ટર્સ' ગૃપ દ્વારા નિયમિત રીતે કેટલાંક રસ્તે રઝળતા નિરાધાર વૃદ્ધોની સેવા સુશ્રુષા કરવામાં આવી રહી છે.

શહેરમાં ઘ દોઢના સીટી બસના બસ સ્ટેન્ડમાં ઘણા સમયથી તલોદ તાલુકાના એક ગામના વડીલ જેમને કેટલાંક કારણોસર ગૃહત્યાગ કર્યો છે તે આશ્રય લઈ રહ્યા છે અને તેમની આંખોની રોશની પણ અત્યંત મંદ પડી જવા પામી છે. આ વડીલને નિયમિતિ રીતે બે ટંકનું ભોજન પહોંચાડવાથી માંડીને તેમના સ્વાસ્થ્યની જરૂરી તપાસ કરાવી તેમને જરૂરી સારવાર અપાવી ગાંધીનગર વૉલિયન્ટર્સના સ્વયંસેવકો દ્વારા નિયમિત રીતે તેમની સંભાળ લેવામાં આવી રહી છે. એટલું જ નહીં નજીકના સમયમાં આ વડીલને એક વૃધ્ધાશ્રમમાં દાખલ કરાવવાની પણ સંપૂર્ણ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આજ રીતે શહેરના ચ-૦ સર્કલ પાસે થોડીક માનસિક દીવ્યાંગતાની હાલત ધરાવતા અને સચિવાલય સામે શરીરમાં હાડકા વધવાની પીડાદાયક બીમારી ધરાવતા વૃધ્ધોની પણ આ સ્વયંસેવકો દ્વારા ભોજન-પાણી, દવા અને પહેરવા ઓઢવા વગેરે સાથેની સાર સંભાળ યુવાનો લઈ રહ્યા છે.

## ગાંધીનગર કમિશનરેટમાં ચાંદખેડા, સાબરમતી અને સોલાના વિસ્તારનો સમાવેશ થશે

### કમિશનરેટનો અમલ થતા એક પોલીસ કમિશનર અને પાંચ ડીસીપીનું માળખુ બનશે

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત રાજયના ગૃહ વિભાગ દ્વારા ગાંધીનગર જિલ્લાને પોલીસ કમિશનરેટની રચના કરવાનો નિર્ણય લેવાયો હતો. આ કમિશનરેટમાં જિલ્લાના તમામ પોલીસ મથકો તે ઉપરાંત ચાંદખેડા, સોલા અને સાબરમતી પોલીસ મથકના કેટલાક વિસ્તારનો સમાવેશ થશે. ગાંધીનગર કમિશનરેટ વિસ્તારમાં સમાવવા અંગેના વિસ્તારની માહિતી એકઠી કરવાની જવાબદારી કલોલ ડીવાયએસપીને સોંપવામાં આવી છે. જયારે એલઆઈબીને નકશો બનાવવાની જવાબદારી સોંપાઈ છે. ગાંધીનગર જિલ્લાના પોલીસના માળખામાં જિલ્લા પોલીસ અધિક્ષક અને ચાર ડીવાયએસપીનો સમાવેશ થાય છે. ત્યારે કમિશનરેટનો અમલ થતા એક પોલીસ કમિશનર અને પાંચ ડીસીપીનું માળખુ ઉભુ થશે.

આ માળખામાં આઈજીપી કક્ષાના અધિકારી ગાંધીનગર કમિશનર તરીકે મુકવામાં આવશે. જયારે ડીસીપી ઝોન-૧ માં એસીપી એ ડિવીઝનમાં કલોલ સીટી, કલોલ તાલુકા, માણસા, સાંતેજ પોલીસ મથકનો સમાવેશ થશે. જયારે એસીબી બી ડીવીઝનમાં અડાલજ, ચાંદખેડા અને સોલા પોલીસ મથકનો સમાવેશ કરાયો છે. જયારે ડીસીપી ઝોન-૨ ના માળખામાં એસીપી સી ડીવીઝનમાં સેકટર-૨૧, સેકટર-૭, ઈન્ફોસીટી, પેથાપુર પોલીસ મથક રહેશે, તેવી જ રીતે એસીપી ડી ડીવીઝનમાં ચિલોડા, દહેગામ, રખીયાલ, ડભોડા પોલીસ મથકનો સમાવેશ થાય છે. જયારે ડીસીપી એડમીન સ્પેશિલય બ્રાંચ અને એસીપી સ્પેશીલય બ્રાંચ, એસીપી હેડ કવાર્ટર, એસીપી એસસી-એસટી, મહિલા પીએસ, એડમિન વીંગ હશે. ડીસીપી ક્રાઈમ અને ટ્રાફિક વિભાગમાં એસીપી ક્રાઈમ, એસીપી ટ્રાફિક, ટ્રાફિક પીએસ, ડીસીબી પીએસનો સમાવેશ થાય છે. તે પ્રમાણે ડીસીપી સિક્યુરીટી વિભાગમાં એસીપી (આર્મ) પ્રોટોકોલ અને એસીપી (આર્મ) સિક્યુરીટીનો સમાવેશ થાય છે.



શિયાળો હવે જામ્યો છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી ઠંડીમાં વધારો થતાં ગરમ વસ્ત્રોના વેચાણમાં ઉછાળો આવ્યો છે. ગાંધીનગર-અમદાવાદ વચ્ચેના હાઈવે પર ઘણા સ્થળોએ સ્વેટર, શાલ, બ્લેઝર, બ્લેન્કેટ જેવી ચીજવસ્તુઓનું વેચાણ થઈ રહ્યું છે. ઠંડી વધતા અહીં ગ્રાહકોની ભીડ જામી રહી છે.

## ગાંધીનગર જિલ્લા સંકલન સમિતિની ઓનલાઈન બેઠક મળી






ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં અધ્યક્ષસ્થાનેથી જિલ્લાના અધિકારીઓને જણાવ્યું કે પોતાના વિભાગ-ખાતાની યોજનાઓનો લાભ વધુને વધુ લાભાર્થીઓને મળે તેવું સુચારું આયોજન કરવામાં આવે. તેમજ નક્કી કરેલ લક્ષ્યાંક સમયમર્યાદામાં પૂર્ણ કરવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું.

આ બેઠકમાં ગ્રામ વિકાસ, આરોગ્ય, પ્રધાનમંત્રી, દિન દયાળ ગ્રામ જયોતિ યોજના, ડિઝિટલ ઈન્ડિયા, બેટી બચાવો બેટી પઢાવો, મા અમૃતમ, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, સુગમ્ય ભારત જેવી ફ્લેગશીપ યોજના પર ચર્ચા-વિર્મશ કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શાલિની દુહાન, અધિક જિલ્લા કલેકટર એચ.એમ. જાડેજા, નાયબ જિલ્લા પોલીસ અધિકારી તેમજ સંકલન સમિતિના તમામ અધિકારીઓએ ઓનલાઈન ઉપસ્થિત રહ્યાં હતા.

## આર્થિક ગુના નિવારણ શાખાનો ડ્રાઈવર દારૂ પીધેલી હાલતમાં ફરજ પર આવતા પોલીસ ફરીયાદ

### ડ્રાઈવર રાજય અનામત પોલીસ દળ જુથ-૨ અમદાવાદ ગ્રુપનો કોન્સ્ટેબલ છે

ગાંધીનગર, તા.૧૯

સીઆઈડી ક્રાઈમના ડ્રાઈવર દારૂ પીધેલી હાલતમાં ફરજ પર આવતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. સેકટર-૧૧ સહયોગ સંકુલના ત્રીજા મજલે આર્થિક ગુના નિવારણ શાખા યુનિટ-૨ ની ઓફિસ આવેલી છે. ત્યારે યુનિટ-૨ ના નાયબ પોલીસ અધિક્ષક તરીકે એ.એ.સૈયદ ચાર વર્ષથી ફરજ બજાવે છે. પીધેલો ડ્રાઈવર રાજય અનામત પોલીસ દળ જુથ-૨ અમદાવાદ ગ્રુપનો કોન્સ્ટેબલ છે. જયારે ડ્રાઈવર દારૂ પીધેલી હાલતમાં ફરજ પર આવતા પોલીસ બેડામાં હાહાકાર મચી જવા પામી હતી.

મળતી માહીતી મુજબ સીઆઈડી ક્રાઈમમાં આર્થિક ગુના નિવારણ શાખા યુનિટ-૨ ના નાયબ પોલીસ અધિક્ષક એ.એ.સૈયદે સેકટર-૭ પોલીસને જાણ કરી હતી. યુનિટને ફાળવેલી સરકારી બોલેરો ગાડી નં.જી.જે.૧૮.જી.૧૩૨૬ માં સપ્ટેમ્બર થી ડ્રાઈવર તરીકે એસઆરપી કોન્સ્ટેબલ દેવેન્દ્રસિંહ જયદેવસિંહ રાવ ફરજ બજાવે છે. શુક્રવારના રોજ ડીવાયએસપી એ.એ.સૈયદ ઓફિસમાં હાજર હતા. તે સમયે ડ્રાઈવર દેવેન્દ્રસિંહ લથડાતી હાલતમાં આવ્યો હતો. આ અંગે તેની પુછતાછ કરતા ડ્રાઈવરે મને છુટો કરી દો કહ્યું હતું.જેથી ડીવાયએસપી એ.એ.સૈયદ લેખિત રીપોર્ટ આપતા સે-૭ પોલીસ તેના ડ્રાઈવર દેવેન્દ્રસિંહ જયદેવસિંહ રાવ સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી ધોરણસની કાર્યવાહી હાથ ધરી છે.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. ગણેશભાઈ દાનાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૩૭, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. કૃતિકા દિલીપ ભટ્ટ, ઉ.વ. ૬૦, માણસા, જી. ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. વિદ્યાબેન ઉમેશચંદ્ર વ્યાસ, ઉ.વ. ૭૩, સરગાસણ, ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ દિલીપકુમાર જીવણભાઈ, ઉ.વ. ૪૩, વડોદરા, તા.જી. ગાંધીનગર
- સ્વ. દુર્ગાપ્રસાદ ઈશ્વરલાલ પટેલ, ઉ.વ. ૭૮, મજરા, તા. પ્રાંતિજ, સાબરકાંઠા
- સ્વ. બારોટ કાન્તાબેન સોમાભાઈ, ઉ.વ. ૭૨, ઘાટલોડીયા, અમદાવાદ